MD ડ્રગ્સ કેસમાં આરોપી સાદિક ટેટી જામીન પર છૂટી ગયો

સુરત: 17.180 ગ્રામ MD ડ્રગ્સ કેસમાં આરોપી સાદિક ટેટીની સેશન્સ કોર્ટે જામીન અરજી મંજૂર કરી હતી. આરોપી સાદિકની ડીસીબી પોલીસે ડ્રગ્સ કેસમાં તા. ૬-૩-૨૬નાં રોજ ધરપકડ કરી હતી. આરોપીએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. આરોપી પક્ષે વકીલ રિધ્ધિશ મોદી, મુંકુદ રામાણીએ દલીલ કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી.

હજીરામાં દારૂના નશામાં ત્રીજા માળેથી પટકાતાં યુવકનું મોત

સુરત: મૂળ ઉત્તરપ્રદેશના વતની વરન્દ્રદેવ ચાંદબલી પ્રસાદ (ઉ.વ.40) હાલ હજીરા મંગલ માર્કેટમાં રહેતો હતો અને ટ્રેલર ચલાવતો હતો. બુધવારે રાત્રે તે ઘરના ત્રીજા માળે બાલ્કની ઉપર ચાર ફૂટની રેલિંગ પર નશાની હાલતમાં સૂતો હતો. દરમિયાન અકસ્માતે નીચે પટકાતા ગંભીર ઈજાને પગલે સારવાર માટે 108 એમ્બ્યુલન્સમાં નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

વરિયાવમાં આર્થિક સંકડામણમાં શ્રમજીવી યુવકે ફાંસો ખાધો

સુરત: મૂળ ગાંધીનગર માણસાના વતની દિપક શંભુભાઈ દેવીપુજક (ઉ.વ.19) હાલ વરિયાવ ખાતે આવેલા ઉત્તર બુનિયાદી આશ્રમશાળા પાસેના ઝૂંપડપટ્ટીમાં બહેન સાથે રહેતો હતો અને ભંગાર વીણવાનું કામ કરતો હતો. રાત્રે દિપકે ઝૂંપડામાં વાંસના લાકડા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

ચેક રિટર્ન કેસમાં સજા સામેની વેપારીની અપીલ ફગાવતી સેશન્સ કોર્ટ

સુરત: ચેક રિટર્ન કેસમાં વેપારી મહેન્દ્રસિંઘ રીદમલસિંઘ રાવને ટ્રાયલ કોર્ટે ફટકારેલી સજાને કાયમ રાખી સેશન્સ કોર્ટે ધરપકડ વોરંટ ઇસ્યુ કરવાનો હુકમ કર્યો હતો. આરોપીએ ફરિયાદી પાસેથી ખરીદેલા માલ પેટે આપેલા ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ નરેશ નાવડીયા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે કેસમાં ટ્રાયલ કોર્ટે આરોપીને એક વર્ષની સજા અને 25 લાખ વળતર તરીકે ચૂકવી આપવા હુકમ કર્યો હતો. જે હુકમની સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી.

ચેક રિટર્ન કેસમાં ભાવનગરના હિરેન મહેતાની સજા કાયમ

સુરત: પાલ અડાજણ માં રહેતા અખિલ નટરાજ ટ્રાવેલ્સના માલિક રાધેશ્યામ દિનેશચંદ્ર ત્રિવેદી ની ટ્રાવેલ્સ ઓફિસમાં કામ કરતા ઇન્ચાર્જ હિરેન યોગેશભાઈ મહેતા (રહે.મોણપર ગામ, તા.મહુવા, જી.ભાવનગર) એ 2019માં બુકિંગ કલેક્શનની રકમ રૂ.4.71 લાખ ની ગોબાચારી કરી તેની સામે રૂ 4.71 નો ચેક આપ્યો હતો. જેમાં ટ્રાયલ કોર્ટે દોષિત ઠેરવતાં આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. જેની સામે ફરિયાદી તરફે એડવોકેટ અશ્વિન જોગડિયા મારફત અપીલ કરાતાં સેશન્સ કોર્ટે કોર્ટે આરોપીની અપીલ ફગાવી દઈ તેના જામીન રદ કર્યા હતા અને ટ્રાયલ કોર્ટને આરોપીની ધરપકડ કરી સજા ભોગવવા માટે જરૂરી કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો.

ઉત્રાણમાં ભરૂચ સ્ટેશનના કુલીએ ફાંસો ખાઈને આત્મહત્યા કરી

સુરત: મૂળ મધ્યપ્રદેશના વતની મનીષ દશરથજી રાઠોડ (36 વર્ષ) હાલ ઉત્રાણના ભરથાણા ગામમાં આવેલ એસ્ટ્રોન સિટીમાં પરિવાર સાથે રહેતા હતા અને ભરૂચ રેલવે સ્ટેશનમાં કુલી તરીકે કામ કરતા હતા. પત્ની બાળકોને વેકેશન હોવાથી બંને સંતાનોને લઈ વતનમાં ગઈ હતી. બુધવારે રાત્રે મનીષે પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

86 સેકન્ડમાં 48 ઘા મારનાર અફસર ઉર્ફે બોકાના જામીન નામંજૂર

સુરત: ડુંભાલ ફાયર સ્ટેશન પાસે આરોપી ગુફરાન શેખ તથા અસ્ફાક ઉર્ફે કૌવા જહાંગીરની જુગારનો અડ્ડો નહીં ચલાવવા દેવા બાબતની અદાવત રાખી તા:02 /08 /2025 ના રોજ ડુંભાલ ફાયર સ્ટેશન, પાસે આલોક અગ્રવાલ પર ઘાતક હથિયાર થી હુમલો કરી 48 જેટલા ઘા મારી હત્યા કરી હતી. જેમાં અફસર ઉર્ફે બોકા હમીદ ખાનની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. સરકાર પક્ષે સરકારી વકીલ સંતોષ પાટીલ અને મૂળ ફરિયાદ પક્ષે વકીલ નરેશ ગોહિલએ અરજીનો વિરોધ કર્યો હતો.

દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલના બંગલે સુરતના ઉદ્યોગકારો અને ચેમ્બરની કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુ સમક્ષ મુખ્ય માંગ

સુરતને ‘પોઈન્ટ ઓફ કોલ’ માં સામેલ કરો

વિદેશી એરલાઈન્સને મંજૂરી આપવાની સાથે બંધ થઈ ગયેલી સુરતથી બેંગકોક, દુબઈ, શારજાહ, ફ્લાઈટ ફરી શરૂ કરવા માંગ કરાઇ

અદ્યતન ટર્મિનલ અને ફ્યુચર વિઝન

ચેમ્બરની રજૂઆતમાં એરપોર્ટના 2023માં અપગ્રેડ થયેલા 25520 ચોરસ મીટરના વર્લ્ડ-ક્લાસ ટર્મિનલ, જે વાર્ષિક 55 લાખ મુસાફરોની ક્ષમતા ધરાવે છે તેમજ 24x7 ઓપરેશન્સ અને નાઇટ પાર્કિંગ જેવી વર્તમાન ઉપલબ્ધિઓનો પણ ઉલ્લેખ કરાયો હતો. આ ઉપરાંત એરપોર્ટ માસ્ટર પ્લાન-2047 હેઠળ વાર્ષિક 2.25 કરોડ પેસેન્જર્સ હેન્ડલ કરવાના લોંગ-ટર્મ વિઝન પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

સુરત: સુરતને પોઈન્ટ ઓફ કોલમાં સામેલ કરવાની સાથે નવી એર કનેક્ટિવિટી આપવાની રજૂઆત સુરતના ઉદ્યોગકારો દ્વારા કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુ સમક્ષ કરવામાં આવી હતી.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર. પાટીલના નવી દિલ્હી સ્થિત નિવાસ્થાને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI)ના પ્રતિનિધિમંડળે પ્રમુખ-નિયુક્ત અશોક જીરાવાલાની આગેવાનીમાં સુરતના જુદા જુદા ક્ષેત્રના ઉદ્યોગકારોએ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિન્જારાપુ રામમોહન નાયડુ સાથે મુલાકાત કરી હતી.

પ્રતિનિધિ મંડળે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુ સમક્ષ સુરતને દ્વિપક્ષીય એર સર્વિસીસ એગ્રીમેન્ટ હેઠળ ‘પોઈન્ટ ઓફ કોલ’ તરીકે સામેલ કરવા અને દુબઈ, શારજાહ, બેંગકોક માટે ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ પુનઃ શરૂ કરવા રજૂઆત કરી હતી. સાથે સાથે મુંબઈ-ભુવનેશ્વર સહિત દેશનાં પ્રમુખ શહેરો માટે નવી કનેક્ટિવિટી વધારવા તેમજ 24x7 ઓપરેશન્સને વધુ મજબૂત કરવા રજૂઆતો કરી હતી.

સી.આર. પાટીલના નિવાસે આ બેઠકમાં ચેમ્બરના પ્રમુખ-નિયુક્ત અશોક જીરાવાલા તેમજ એરપોર્ટ એડવાઈઝરી કમિટીના સભ્યો પરેશ પટેલ (પ્રમુખ સુરત શહેર ભાજપ), સુરેશ અગ્રવાલ, કેયુર ખેની, કેવલ શાહ, ઉદ્યોગપતિ પ્રમોદ ચૌધરી, વિનોદ અગ્રવાલ, કુંજવિહારી સુલતાનિયા, સુભાષ પટોડિયા, જે. પી. અગ્રવાલ, જીતુભાઈ વખારિયા, આનંદ દેસાઈ, નાગજીભાઈ સાકરિયા, ભુરાલાલ શાહ, કૈલાશ હકીમ, વિશાલ બુધિયા અને ભરત સુખડિયા સહિત દક્ષિણ ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિઓ અને એસોસિએશનના પ્રતિનિધિઓ જોડાયા હતા.

ઇન્ટરનેશનલ એર કનેક્ટિવિટી માટે રજૂઆત

આ બેઠક દરમિયાન ચેમ્બર દ્વારા ભારપૂર્વક રજૂઆત થઈ કે ડાયમંડ, ટેક્સટાઇલ, એન્જિનિયરિંગ, કેમિકલ્સ અને MSME સેક્ટરમાં વૈશ્વિક પ્રભુત્વ ધરાવતું સુરત ભારતનું સૌથી ઝડપથી વિકસતું આર્થિક હબ છે. ઇન્ટરનેશનલ એરપોર્ટ જાહેર થયા છતાં અહીં ફ્લાઇટ્સ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની મર્યાદાઓ નડી રહી છે. આ પ્રતિનિધિમંડળે અગાઉ બંધ થયેલી સુરત-દુબઈ (8 ફ્લાઇટ પ્રતિ સપ્તાહ), શારજાહ (3 ફ્લાઇટ પ્રતિ સપ્તાહ) અને બેંગકોક (4 ફ્લાઇટ પ્રતિ સપ્તાહ)ની સીધી આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ વહેલી તકે પુનઃ શરૂ કરવા ભારપૂર્વક વિનંતી કરી હતી, કારણ કે આ રૂટ્સ પર બિઝનેસ ટ્રાવેલર્સ, એનઆરઆઈ અને ગુજરાતી ડાયસ્પોરાની ભારે માંગ છે.

ડોમેસ્ટિક ફ્લાઇટ્સ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણની પણ માંગ

બિઝનેસ અને ટ્રાન્ઝિટ મુસાફરોની સુવિધા માટે દેશના આર્થિક પાટનગર મુંબઈ સાથે દૈનિક કનેક્ટિવિટી તાકીદે વધારવા અને દિલ્હી સેક્ટરમાં ફ્રિક્વન્સી સુધારવા રજૂઆત કરાઈ હતી. આ ઉપરાંત ઓડિશા અને ગુજરાતના શ્રમિકો તેમજ ઉદ્યોગ જગતના હિત માટે સુરત-ભુવનેશ્વર ડાયરેક્ટ ફ્લાઇટ શરૂ કરવા અને જોધપુર, જેસલમેર, રાંચી, પટના, વારાણસી, કોચ્ચિ, કોઈમ્બતુર, ઇન્દોર અને લખનૌ જેવા પ્રમુખ સાંસ્કૃતિક અને વ્યાપારી કેન્દ્રોને કનેક્ટિવિટી આપવા જણાવાયું હતું. ક્ષેત્રિય એર કનેક્ટિવિટી મજબૂત કરવા માટે સુરતથી વધુ ઉડાન (UDAN) રૂટ્સ મંજૂર કરવા પણ વિનંતી કરાઈ હતી. ઉપરાંત સુરત એરપોર્ટ પર CAT-I લેન્ડિંગ સિસ્ટમ અને એડવાન્સ એપ્રોચ લાઇટિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્સ્ટોલ કરવા તેમજ ડ્યુટી-ફ્રી શોપ્સ શરૂ કરવા રજૂઆત કરાઈ હતી.

એક દિવસની રાહત બાદ સુરતના તાપમાનમાં સીધો 5 ડિગ્રીનો વધારો

તાપમાન 39.4 ડિગ્રી નોંધાયું, ગરમી 40ને પાર કરે તેવી શક્યતા

સુરત: સુરત શહેરમાં એક દિવસની રાહત બાદ આજે ફરી ગરમીનો કહેર જોવા મળ્યો હતો. ગઈકાલે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતાં શહેરવાસીઓને થોડી રાહત મળી હતી, પરંતુ આજે ફરી પારો ઊંચકાતા ઉકળાટભર્યું વાતાવરણ સર્જાયું હતું. મહત્તમ તાપમાનમાં એકાએક ૫.૧ ડિગ્રીનો વધારો નોંધાતા બપોરના સમયે રસ્તાઓ પર ગરમીનો તાપ સ્પષ્ટ અનુભવાયો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ આજે શહેરનું મહત્તમ તાપમાન ૩૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને ૨૮ ડિગ્રી રહ્યું હતું. હવામાં ૫૬ ટકા ભેજ નોંધાતા ગરમી સાથે ઉકળાટનો પણ અનુભવ થયો હતો. દિવસ દરમિયાન દક્ષિણ પશ્ચિમ દિશાથી આશરે ૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. ઉલ્લેખનીય છે કે ગઈકાલે શહેરના તાપમાનમાં આશરે ૮ ડિગ્રીનો મોટો ઘટાડો નોંધાયો હતો, જેના કારણે લોકોને ગરમીમાંથી મોટી રાહત મળી હતી.

જોકે આ રાહત માત્ર એક દિવસ પૂરતી જ સાબિત થઈ હતી. આજે ફરી તાપમાનમાં ૫ ડિગ્રીથી વધુનો વધારો થતાં લોકો ફરી ગરમીથી અકળાઈ ઊઠ્યા હતા. ખાસ કરીને બપોરે ૧૨ થી ૪ દરમિયાન લોકો ઘરની બહાર નીકળવાનું ટાળતા નજરે પડ્યા હતા.

હવામાન નિષ્ણાતોના અનુમાન મુજબ આગામી કેટલાક દિવસો દરમિયાન શહેરમાં ગરમીનો માહોલ યથાવત રહી શકે છે. તાપમાન ફરી ૪૦ ડિગ્રીની નજીક પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગરમી અને ઉકળાટને ધ્યાનમાં રાખીને લોકોને બપોરના સમયે અનાવશ્યક બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવા અને આરોગ્યની કાળજી રાખવા સૂચના આપવામાં આવી છે.

સુરત મહાપાલિકાના કર્મચારીઓ કાર પુલિંગ કરી ઈંધણનો વપરાશ ઘટાડશે

આગામી છ માસમાં 600 ઇ-બસ દોડાવવા સાથે ડોર ટુ ડોર અને અન્ય કામમાં પણ ઇ-વ્હીકલની સંખ્યા વધારાશે

બીઆરટીએસ અને સિટી બસમાં 70 ટકા બસો ઈ-બસો હશે: મનપા કમિશનર નાગરાજન

સુરત: વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા હાલમાં જ દેશવાસીઓને ઈંધણનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અંગેની અપીલને પગલે હવે સુરત મ્યુનિસિપલ કમિશનર નાગરાજન દ્વારા પણ નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. સુરત મહાનગર પાલિકામાં ફરજ બજાવતા ઉચ્ચાધિકારીઓ હવે કારપુલિંગનો ઉપયોગ કરશે. જેને કારણે એક ઝોનમાં ફરજ બજાવતા કાર્યપાલક ઈજનેરથી માંડીને ઝોનલ ચીફ સહિતના અધિકારીઓ અલગ-અલગ કારને બદલે એક જ કારમાં મુસાફરી કરશે. આ સિવાય આગામી દિવસોમાં પીએમ ડ્રાઈવ યોજના હેઠળ વધુ 600 ઈ-બસ સુરતનાં રસ્તા પર દોડતી થઈ જશે અને જેના કારણે સુરતમાં માસ ટ્રાન્સપોર્ટેશનમાં ઈ-બસની ટકાવારી વધીને 70 સુધી પહોંચશે.

મ્યુનિસિપલ કમિશનર નાગરાજન દ્વારા આજે જણાવવામાં આવ્યું હતું કે, મનપાના અધિકારીઓ હવે અલગ-અલગ ગાડીઓ વાપરવાને બદલે એક જ ગાડીમાં પ્રવાસ કરશે. આ સિવાય ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં પણ મહત્તમ ઈ-વ્હીકલનો ઉપયોગ કરવામાં આવશે. આગામી છ મહિનામાં સુરતના રસ્તા પર વધુ 600 નવી ઈ-બસ દોડતી થઈ જશે અને જેને કારણે પર્યાવરણની સુરક્ષાની સાથે સુરત શહેરમાં બીઆરટીએસ અને સીટી બસ સેવામાં 70 ટકા સુધી ઈ-બસની સંખ્યા પહોંચી જશે. ભવિષ્યમાં દેશભરમાં સુરત ક્લાઈમેટ ફ્રેન્ડલી અને ગ્રીન ટ્રાન્સપોર્ટ માટે પ્રેરણાદાયી શહેર બની રહે એ દિશામાં પણ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે અને તેના અનુસંધાનમાં સુરત મહાનગર પાલિકા દ્વારા મહત્તમ સંખ્યામાં ઈ-વ્હીકલ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.

ભરઉનાળે તંત્રની બેદરકારીથી ફરી લાખો લીટર પાણીનો બગાડ

- પાલ ખાતે આવેલી નીલધારા સોસાયટીની બહાર દર 15 થી 20 દિવસે મુખ્ય પાણીની પાઇપલાઇન તૂટી જવાની ઘટનાઓ બની રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, ખુદ સરકારી તંત્રની બેદરકારીના કારણે થઈ રહેલો આ જંગી જળબગાડ જોઈને શહેરીજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હજુ ગઈકાલે જ નજીકના અડાજણ વિસ્તારમાં પણ મુખ્ય પાણીની લાઈન અચાનક તૂટી પડવાની મોટી ઘટના સામે આવી હતી. અડાજણમાં બનેલી આ ઘટનામાં પણ હજારો લિટર પાણી રસ્તા પર વહી ગયું હતું, જેને કારણે આસપાસના વિસ્તારોમાં પાણીના પ્રેશર પર અસર પડી હતી અને નાગરિકોને હાલાકી ભોગવવી પડી હતી. બેક-ટુ-બેક બનતી આવી ઘટનાઓ સાબિત કરે છે કે હાઈડ્રોલિક વિભાગના અધિકારીઓ દ્વારા લાઈનોના મેઈન્ટેનન્સમાં ભારે વેઠ ઉતારવામાં આવી રહી છે.

પ્રેમલગ્નનાં ચાર વર્ષમાં બે સંતાનની માતાનો ફાંસો, પરિવારનો લાશ લેવા ઈન્કાર

સુરત: મૂળ બિહારના વતની રિંકલભાઈ ભાભોર હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલા મહાલક્ષ્મીનગરમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. રિંકલભાઈ ચારેક વર્ષ પહેલા 23 વર્ષીય ઈન્દિરા સાથે ભાગીને પ્રેમ લગ્ન કર્યા હતા. બુધવારે રાત્રે ઈન્દિરાએ રૂમમાં લોખંડની એંગલ સાથે નાયલોનની દોરી બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. મૃતક ઈન્દિરાના પિતાએ જણાવ્યું હતું કે, કાલે રાત્રે તેના પતિએ ઈન્દિરાને માર મારી હતી. પતિનો અન્ય યુવતી સાથે સંબધ છે, જેથી ઈન્દિરાએ તેના પિતાને ફોન કરીને સમગ્ર બનાવની જાણ કરીને આત્મહત્યા કરી લીધી હતી. પરિવારજનોએ જ્યાં સુધી તેના પતિ સામે પોલીસ કાયદેસરની કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી ઈન્દિરાનો મૃતદેહ સ્વીકારવાની ના પાડી હતી. પાંડેસરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

એસ.ડી. જૈન સ્કૂલના સંચાલકના ઘરમાંથી 31.47 લાખની ચોરી

સંચાલક પત્ની સાથે મિત્રના ઘરે બેસવા ગયા ત્યારે ઘરને તાળું મારવાનું ભૂલી ગયા હતા

સુરત: જાણીતી એસ.ડી. જૈન સ્કૂલના સંચાલકને મિત્રના ઘરે જતી વખતે ઘરનો દરવાજાને લોક કરવાનું ભૂલી જતાં તસ્કર બંગલામાં ઘૂસી 31.47 લાખ મત્તાની ચોરી કરી ગયો હતો.

પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ વેસુ એસ.ડી.જૈન સ્કૂલની પાછળ આવેલા આનંદ જૈન કૈલાસ જૈન બંગ્લોઝમાં અભિષેક આનંદકુમાર જૈન (ઉં.વ.40) પરિવાર સાથે રહે છે અને પાંડેસરા જીઆઈડીસીમાં પ્રિન્ટિંગ મિલ ચલાવે છે. તેમજ જાણીતી એસ.ડી. જૈન સ્કૂલના સંચાલક છે. તા.16મી એપ્રિલના રોજ રાત્રેના નવેક વાગ્યાના અરસામાં જમીને અભિષેક પત્ની રીચા સાથે મિત્ર તરેશના ઘરે મળવા માટે ગયા હતા. ઘરેથી નીકળતી વખતે તેમણે બેડરૂમનો દરવાજો ખુલ્લો મૂકી દીધો હતો અને મુખ્ય દરવાજા બંધ કર્યો પણ લોક માર્યું ન હતું. આ દંપતી મિત્રના ઘરે મોડે સુધી બેઠું હતું. દરમિયાનમાં તસ્કરે ઘરમાં ઘૂસીને બેડરૂમના કબાટમાંથી રોકડા રૂ.15 લાખ તથા સોના ડાયમંડના દાગીના મળી કુલ રૂ.31,47,500ની મતાની ચોરી કરી નાસી ગયો હતો.

ચોરે ત્રણ કલાક ઘરમાં રહી ચોરી કરી, સીસીટીવી ફૂટેજ વાયરલ

ઘટનાની જાણ થતાં જ અભિષેકભાઈએ આસપાસના CCTV કેમેરા તપાસ્યા હતા. ફૂટેજ મુજબ આ ચોર રાત્રે આશરે 10:30 વાગ્યે બંગલામાં પ્રવેશ્યો હતો અને છેક મોડી રાત્રે 1:45 વાગ્યાની આસપાસ બંગલાની બહાર નીકળતો દેખાય છે.

માન દરવાજા ટેનામેન્ટના રહીશોનો લિંબાયત ઝોન કચેરીએ હલ્લાબોલ

70% ફ્લેટ ધારકો પાત્રતા પત્ર અને ભાડાથી વંચિત રહેતાં ઉગ્ર રોષ

સુરત: સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલા માન દરવાજા ટેનામેન્ટ રિ-ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ અસરગ્રસ્ત ફ્લેટ ધારકોને લાંબા સમયથી વહીવટી ઉદાસીનતાનો સામનો કરવો પડી રહ્યો હોવાથી ગુરુવારે મોટી સંખ્યામાં સ્થાનિક રહીશોએ લિંબાયત ઝોન કચેરી ખાતે મોરચો લઈ જઈને હલ્લાબોલ કર્યો હતો.

સ્થાનિક અગ્રણીઓ અસલમ સાયકલવાલા અને અલય ઢીમરની આગેવાની હેઠળ એકત્રિત થયેલા અસરગ્રસ્તોએ લિંબાયત ઝોનલ ચીફ અને ડેપ્યુટી કમિશનર નિલેશભાઈ પટેલ સમક્ષ રૂબરૂમાં ઉગ્ર રજૂઆતો કરી હતી. અસરગ્રસ્તોએ આક્ષેપ કર્યો હતો કે, જુલાઈ-2025થી સ્થાનિકો માટે માસિક ભાડું નક્કી કરી દેવામાં આવ્યું હોવા છતાં, ટેનામેન્ટના કુલ 1312 ફ્લેટ ધારકોમાંથી માંડ 30% લોકોને જ લિંબાયત ઝોન તરફથી હજુ સુધી ‘‘પાત્રતા પત્ર’’ એનાયત કરવામાં આવ્યા છે. બાકીના 70%થી વધુ ફ્લેટ ધારકો પાત્રતા પત્ર મેળવવા માટે કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે અને તેઓ કાયદેસરના ભાડાથી વંચિત રહી ગયા છે.

ટેનામેન્ટના ફ્લેટ ધારકોએ વહીવટી તંત્ર સામે પોતાનો આક્રોશ ઠાલવતાં જણાવ્યું હતું કે, આ આખા પ્રોજેક્ટમાં બિલ્ડર, કોન્ટ્રાક્ટર એજન્સી અને લિંબાયત ઝોનના અધિકારીઓ વચ્ચે યોગ્ય સંકલનનો ભારે અભાવ વર્તાઈ રહ્યો છે. આગામી દિવસોમાં તમામ બાકી રહીશોને પાત્રતા પત્ર આપીને નિયમિત ભાડું ચૂકવવામાં નહીં આવે તો આ આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

નવી સિવિલમાં કામના ભારણથી વર્ગ-4 કર્મચારીઓની હડતાળ

અધિકારીઓની સમજાવટથી કર્મચારીઓ કલાકોમાં હડતાળ સમેટી કામે લાગી ગયા

સુરત: નવી સિવિલ હોસ્પિટલમાં ગુરુવારે સવારે વર્ગ-4ના કર્મચારીઓ અચાનક કામના ભારણને લઈને હડતાળ પર ઉતરી જતાં હોસ્પિટલ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. હોસ્પિટલના વિવિધ વોર્ડમાં ફરજ બજાવતા અંદાજે 40થી 50 જેટલા કર્મચારીઓએ કામથી દૂર રહી પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

મળતી માહિતી મુજબ, કર્મચારીઓ લાંબા સમયથી વધતા કામના દબાણ અને સ્ટાફની અછતને કારણે પરેશાન હતા. તેઓએ ગુરુવારે સવારે એકજૂથ થઈ કામગીરી બંધ રાખી હતી.

જેના કારણે કેટલાક વોર્ડમાં સફાઈ તેમજ અન્ય રોજિંદી કામગીરી પર અસર જોવા મળી હતી. હડતાળની જાણ થતાં હોસ્પિટલના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને કર્મચારીઓ સાથે ચર્ચા કરી હતી. અધિકારીઓએ કર્મચારીઓને તેમની સમસ્યાઓ અંગે યોગ્ય રજૂઆત ઉપર વિચારણા કરવાની ખાતરી આપી હતી. સાથે જ કર્મચારીઓને ચા-નાસ્તો કરાવી વાતાવરણ હળવું બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

અંતે સમજાવટ બાદ કર્મચારીઓએ હડતાળ સમેટી લીધી હતી અને ફરી પોતાની ફરજ પર પરત ફર્યા હતા. આ અંગે સિવિલના તંત્ર દ્વારા સ્ટાફ વધારવા માટે અનેક વખત રજૂઆત કરવામાં આવી છે. હાલ તો અધિકારીઓની સમજાવટથી મામલો થાળે પડી ગયો છે. જોકે, બાદમાં કામનું ભારણ રહેશે તો ફરી કર્મચારીઓ હડતાળ પાડી શકે છે. જેથી તંત્રએ તેમના પ્રશ્નોનો જલ્દી ઉકેલ લાવવો જોઈએ.

‘ઈટાલીથી પિતરાઈ ભાઈ બોલું છું’ કહી વૃદ્ધ સાથે ૧.૬૦ લાખની ઠગાઈ

પિતરાઈ ભાઈના નામે વોટ્સએપ કોલ કરી વિઝા એજન્ટને નાણાં ચૂકવવાના બહાને ભેજાબાજોએ અલથાણના વૃદ્ધને શિકાર બનાવ્યા

સુરત: અલથાણમાં રહેતા 67 વર્ષીય વૃદ્ધ સાથે સાઈબર ઠગાઈનો બનાવ સામે આવ્યો છે. ઠગબાજોએ ઇટાલી રહેતા તેમના પિતરાઈ ભાઈના નામે વોટ્સએપ કોલ કરી અને વિઝા પ્રક્રિયાના બહાને કુલ 1.60 લાખ પડાવી લેતાં મામલો અલથાણ પોલીસમાં પહોંચ્યો છે.

મળતી માહિતી મુજબ, અલથાણ સ્થિત સંગીની વેદાંતામાં રહેતા ભાગીરથભાઈ સાગરમલ પારીખ ગત 1 મેના રોજ ઘરે હાજર હતા. તે દરમિયાન તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો.

ફોન કરનારે પોતે ઇટાલી રહેતા તેમના પિતરાઈ ભાઈ નરેન્દ્રકુમાર જોષી હોવાનું કહી વાતચીત શરૂ કરી હતી. ઠગબાજે ભાગીરથભાઈને જણાવ્યું હતું કે, “હું તમારા ખાતામાં 5 લાખ ટ્રાન્સફર કરું છું, જે તમે મારા વિઝા એજન્ટને આપી દેજો.” થોડા સમય બાદ તેમના મોબાઈલમાં 5 લાખ જમા થયા હોવાનો નકલી મેસેજ પણ મોકલવામાં આવ્યો હતો. ત્યારબાદ અન્ય એક વ્યક્તિએ ‘રાજ સોદાગર’ નામે વિઝા એજન્ટ બની સંપર્ક કર્યો હતો. તેણે વિઝા કેન્સલ થઈ જવાની બીક બતાવી તાત્કાલિક નાણાં ભરવા દબાણ કર્યું હતું.

ગભરાઈ ગયેલા ભાગીરથભાઈએ પહેલાં RTGS મારફતે 1 લાખ ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં પુત્રીની મદદથી ગુગલ પે દ્વારા વધુ 60 હજાર મોકલતા કુલ 1.60 લાખ ઠગોના ખાતામાં જમા થયા હતા. સાંજે ભાગીરથભાઈએ આ અંગે બેંકમાં નોકરી કરતાં તેમના ભાણેજ સુમિત સાથે વાત કરતાં તેને છેતરપિંડીની શંકા ગઈ હતી.

ત્યારબાદ ઇટાલી રહેતા અસલી પિતરાઈ ભાઈનો સંપર્ક કરતાં સમગ્ર હકીકત સામે આવી હતી. તેમને કોઈ વિઝાની જરૂર ન હોવા તેમજ કોઈ ફોન ન કર્યો હોવાનું જાણવા મળતા ભાગીરથભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સમજાયું હતું.

બાદમાં તેમણે તાત્કાલિક સાઈબર હેલ્પલાઇન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. આ મામલે અલથાણ પોલીસમથકે અજાણ્યા મોબાઈલ ધારકો તેમજ બેંક ખાતાધારક રોહિતકુમાર વિરુદ્ધ ગુનો નોંધી પોલીસ ઈન્સ્પેક્ટર જે.એસ. ઝાંબરેએ વધુ તપાસ શરૂ કરી છે.

જમીન દલાલને ધમકાવી એક લાખના ખંડણી કેસમાં ચિરાગ ભરવાડના સાગરીતની ધરપકડ

સુરત: અડાજણ ગામની શ્રીનાથ સોસાયટીમાં રહેતા અને જમીન-મકાનની દલાલી કરતાં ૪૭ વર્ષીય મહેન્દ્રભાઈ ગોમાનભાઈ પટેલને ગત તા. ૧૦/૧૨/૨૦૨૪ના રોજ બ્લ્યુ કલરની સ્કોડા કારમાં ચિરાગ ઉર્ફે ચિરાગ ભરવાડ રેવાભાઈ મેર તેના સાથીદારો જોય સાટીયા, મહેશ વાળા અને સુરજ વિરડીયા સાથે આવી ધમકી આપવાના પ્રકરણમાં અડાજણ પોલીસે વોન્ટેડ આરોપીઓને પકડવાની કાર્યવાહી કરી રહી હતી ત્યારે એક ટીમને બાતમી મળતા સ્ટાર બજાર અડાજણ પાસેથી ચિરાગ ભરવાડના સાગરીત અજય ઉર્ફે જોય લાખાભાઈ સાટીયા (રહે., રોયલ સોસાયટી, કામરેજ)ને પકડી પાડ્યો છે. અગાઉ આ ગુનામાં ગત 16 એપ્રિલના રોજ કુખ્યાત ચિરાગ ભરવાડની ભાવનગરથી ધરપકડ થઈ ચૂકી છે.

સુરતના સિવિલ ઈજનેરોની 12 કલાકની ડ્યૂટીના વિરોધમાં કલેક્ટરને રજૂઆત

સુરક્ષા વિના સેવાને લઈને પણ અસંતોષ, શ્રમ વિભાગ સમક્ષ શોષણની ફરિયાદ કરી

સુરત: સુરત સિવિલ એન્જિનિયર્સ એસોસિએશન દ્વારા શ્રમ અધિકારી કચેરીમાં કરવામાં આવેલી રજૂઆતમાં ખાનગી કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટોમાં ટેકનિકલ સ્ટાફનું શોષણ થતું હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

એસોસિએશનના જણાવ્યા મુજબ અનેક પ્રોજેક્ટ્સમાં એન્જિનિયરો પાસેથી દિવસના ૧૨થી ૧૩ કલાક સુધી સતત કામ લેવાય છે. છતાં તેમને ઓવરટાઈમનું વેતન આપવામાં આવતું નથી. સાથે જ પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી, મેડિકલ ઈન્શ્યોરન્સ અને અકસ્માત વીમા જેવી મૂળભૂત સુવિધાઓનો પણ અભાવ હોવાનું જણાવાયું છે.

ખાસ કરીને હાઈરાઈઝ બિલ્ડિંગ અને જોખમી સાઈટ પર ફરજ બજાવતા ટેકનિકલ સ્ટાફ માટે સુરક્ષા વ્યવસ્થાઓ પૂરતી ન હોવાની ફરિયાદ પણ ઉઠાવવામાં આવી છે. રજૂઆતમાં વધુમાં એવો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે કે, બાંધકામ ક્ષેત્રના અન્ય મજૂરો માટે અનેક કાયદાકીય જોગવાઈઓ અમલમાં છે, પરંતુ સાઈટ પર કામ કરતા સિવિલ એન્જિનિયરો અને સુપરવાઈઝરો માટે સ્પષ્ટ અને કડક અમલ થતો નથી. પરિણામે ટેકનિકલ સ્ટાફ લાંબા સમયથી અસંગઠિત સ્થિતિમાં કામ કરવા મજબૂર બન્યો છે. એસોસિએશને રાજ્ય સરકાર પાસે માંગ કરી છે કે નવા ડેવલર અને એમ્પ્લોયર કોડ હેઠળ સિવિલ એન્જિનિયરોને નિયમિત કામકાજનો સમય, સામાજિક સુરક્ષા અને કાયદાકીય રક્ષણ આપવામાં આવે. સાથે જ તમામ એન્જિનિયરો માટે મેડિકલ અને લાઈફ ઈન્શ્યોરન્સ ફરજિયાત બનાવવાની પણ માંગ ઉઠાવવામાં આવી છે.